

રમેશ ઠક્કર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ભીતર ભરેલું એકદમ જો બ્હાર થઈ શકે,
તો આપણી વચ્ચે ઘણો વ્યવહાર થઈ શકે.
થોડી ઉદાસી તુંય અપનાવી શકે તો લે,
સંભવ છે એવી રીતથીયે પ્યાર થઈ શકે !
સૌંદર્ય એનું પામવા તરસ્યા કર્યું અમે,
જાણ્યું નહીં કે શબ્દથી શણગાર થઈ શકે.
મારી હયાતી પ્રશ્ન બની ગઈ છે કોઈનો,
માણસ ઘણીયે રીતે કરજદાર થઈ શકે !
તું પણ રડી લે આંખથી મોતીઓ સારીને,
એ અન્ય કોઈ આંખનો ઉપહાર થઈ શકે !

- સ્નેહલ જોષી

### પાથેય

## મિલનસાર માણસો..!

સીધેસીધો ચાલે એ માણસ નહીં..સીધા રસ્તાને પોતાની વાંકી ચાલતી એ અટપટો બનાવી નાખે છે..એવું કહેવાય છે કે જગતમાં સૌથી રહસ્યમય પ્રદેશ જો કોઈ હોય તો એ માણસનું મન છે..એનો તાગ મેળવવો ખરેખર દુષ્કર હોય છે..આપણે જેને જે રીતે વરસોથી ઓળખતા હોઈએ અને એ રીતે ધારણા બાંધી આજીવન એની સાથે વ્યવહાર કરતા રહીએ..અને એ જ વ્યકિત જયારે આપણી ધારણા કરતાં તદ્દન વિરૂદ્ધ કામ કરે ત્યારે આપણને આશ્ર્ચર્ય થતું હોય છે..સાંભળ્યું'તું કે છે કામનો માણસ..નિકળ્યો કિંતુ નામનો માણસ..! એટલે જ ડાહયા માણસોએ કહયું છે કે કોઈપણ માણસ એની જિંદગીનો આખરી શ્વાસ ભરી ના લે ત્યાં સુધી એના વિશે છાતી ઠોકીને કશું જ કહેવું નહી ! ગમે ત્યાં સગપણ શોધે..ગામને ભુલી જાય અને ગરજ પડે ત્યારે એ જ ગામ સાથેનો અનુરાગ શોધી નાખે..પોતાની જાતને ઓળખ્યા વગર જ અન્યની જાતનો હવાલો નાખે..કવિ કહે છે એમ કવિતામાં પણ જાતપાત શોધી નાખે !

વિરોધાભાસોનો વંટોળ એટલે જ માણસ.એ જરૂર ના પડે તો પણ જૂની વાતો ને વચ્ચે લાવે..પોતાના માનેલા માપદંડો માટે પરાણે પુરાવા ઉભા કરે..પોતાનો જ કકકો ખરો અને બાકીના બધાની આખી બારાખડી ખોટી એવું પુરવાર કરવાનો પ્રયત્ન પણ કરતો રહે..આપણને ઘણીવખત એવો પ્રશ્ન પણ થાય કે એ કેમ આવું કરતો હશે ? આપણી સામે ઈતિહાસ હોય છે આપણા અનુભવો પણ હોય છે આમછતાં એમાંથી પણ કશું જ બોધપાઠ ના લેતા આપણે કારણવગર કલુષિતતાને પુરસ્કારતા રહીએ છીએ..સત્યને ઢાંકવાના લાખ પ્રયાસો કરી માણસ અંધકારનો જયજયકાર કરવા માગતો હોય છે..એ રીતે એ સુંદર પ્રભાતને પણ કાલિમાથી ભરી નાખવાનો પ્રયાસ કરે છે..જગતમાં જરા સરખો પણ ઉજાસ જો આપી શકાય તો એવા આછા અજવાળાથી પ્રગટતું પરોઢ પણ સારૂં કહી શકાય..

વાતવાતમાં પોતાની સંપત્તિ કે મોભાને વચ્ચે લાવી આપણે સીધાસાદા જીવનની સરસ કેડીને વિકટ મારગ બનાવી નાખીએ છીએ..આપણે કોઈના પ્રત્યે સદભાવથી વર્તી શકતા નથી ..એટલે જ કારણવગર કોઈકને ટપારવાની ટેવ ઘણાને હોય છે...એમાં સહદયતા ઓછી અને પારકી ચિંતા વધુ હોય છે..જાણેઅજાણે આપણો વડિલભાવ કોઈકને ડંખતો રહે છે..એની પાછળ અન્યના આંતરજગતને ઉખેળવાની ઉત્સુકતા જ બળવત્તર હોય છે..વ્યકિતની સારી બાબતો ગમેતેટલી હોય આપણે એનું અભિવાદન સહજપણે કરતા નથી પરંતુ એકાદ સ્ખલન થકી કોઈને પણ અડફેટે લેવામાં એક છુપો આનંદ સહુ કોઈની નબળાઈ હોઈ શકે..આરપાર સગપણો શોધતો માણસ જાતને શોધવામાં પાછો પડતો રહે છે.આવા લોકોને માટે સંયમમાં રહેવાની વાત એક સંવેદના સાથે કવિ કરે ત્યારે એમાં ભારોભાર વેદના છલકાય છે.

કોઈકની વિફળતા પછી વિસ્મય દાખવતા લોકો કયારેય સાચા સહદયી હોતા નથી...અન્યને અકળાવે એવા શાબ્દિક સજાવટના ગુચ્છ હંમેશાં તુચ્છ માનસિકતાના પરિચાયક જેવા હોઈ શકે..

કોઈકની તકલાદી મિલનસાર વાણી કે શુષ્ક ટપારવાની તાલાવેલી કોઈ રીતે ઉપકારક નથી..એમાં ઉપહાસ તો હોય જ, પણ જીવનસમજણનો પ્રયાસ નથી હોતો...

## જ્યાંથી કે જેનાથી કઈક શીખી શકો એ છે 'ગુરુ'...!



રઝળપાટ
અજય ઉપાધ્યાય

કોઈ તમને એમ પૂછે કે ' તમારા ગુરુ કોણ ? ' અથવા તો ' જીવનરૂપી સાગરમાં તમને સાચી દિશા બતાડનાર દીવાદાંડી સમાન વ્યક્તિ કોણ ? ' તો તમારા દિમાગમાં એક કરતાં વધુ નામો દોડવા મંડવાના. અને એ સાચું પણ છે કેમકે મારા ને તમારા જીવનને ઘડવામાં ફાળો આપનાર લોકોની સંખ્યા એક નહીં પણ એકથી વધુ જ રહેવાની. ' ગુરુ બીના જ્ઞાન નહીં ' ઉક્તિનું મહત્વ જ્યારે ગુરુ જ્ઞાન આપતા હોય ત્યારે કદાચ ઓછું સમજાય પણ જીવનની આપાધાપીમાં એ જ જ્ઞાન જ્યારે તારણહાર થઈને કામમાં આવે ત્યારે દિલ અને દિમાગના છુપા ખૂણે તરત જ એક કે એકથી વધુ એ વ્યક્તિઓ યાદ આવે કે જેમની અમૂલ્ય સલાહો.. જ્ઞાન અને માહિતીને લીધે તમે મુશ્કેલીની વૈતરણી સાંગોપાંગ પાર ઉતરી શક્યા હોવ છો અને જાણ્યે -અજાણ્યે એ વ્યક્તિઓ પ્રત્યે અહોભાવ અને આદરથી માથું ઝૂકી જવાનું..!!!! એ છે ગુરુ અને એ હોય છે ગુરુનું જ્ઞાન..!!!! ગુરુ ટપારી ટપારીને જ્ઞાન આપતા હોય ત્યારે આપણે એને ઇગ્નોર કે ઓછું મહત્વનું સમજવાની જો ભૂલ કરતાં હોઈએ તો પછી એ જ જ્ઞાનના આધારે જ્યારે ભવિષ્યમાં આ્રગળ વધવાનું હોય એવા સમયે ઠોઠ નિશાળિયા જેવી હાલત થઈ જવાની એ નક્કી છે. અને એટલે જ કહેવાયું છે કે ગુરુના મર્મને સમજવા કરતાં ગુરુના જ્ઞાનને સમજો.. જો જ્ઞાન પકડી શકશો તો એનો મર્મ જિંદગીમાં ક્યાંક ને ક્યાંક તો ઉપયોગમાં આવવાનો જ..!!!

ખેર વાત થોડી ગંભીર લાગતી હોય તો એનું કારણ છે કે ગુરુ અને ગુરુની મહતા આજકાલના સમયમાં ભલે ઓછી ના થઈ હોય પણ એના જ્ઞાનની ગંભીરતા પ્રત્યે લોકો ઓછા સજાગ જોવા મળે છે. આજના પરિપ્રેક્ષમાં ગુરુ કેવા છે અને ગુરુનું સ્થાન કયા છે એના વિષે વાત કરતાં પહેલા એ જાણીએ કે ગુરુ એટલે શું ? જે વ્યક્તિ ચારેકોર ફેલાયેલા અંધકારમાંથી તેજ – પ્રકાશને ઉલેચી શકે - શોધી શકે એ છે ગુરુ..!! ગુરુ શબ્દ એકસાથે બોલીએ છીએ અર્થાત ગુરુનો સંગાથ એટલે અંધારાથી અજવાળા તરફ પ્રયાણ. અહી અંધકાર એટલે અંધારું નહીં પણ મારા ને તમારામાં પડેલા ધૃણા, ઈર્ષા, બુરાઈ, ડર, ધિક્કાર જેવા ભાવો. આ ભાવોને ભગાડવામાં કે એના પર વિજય મેળવવામાં મદદ કરે એ ગુરુ. યસ, મદદ કરે એવું વાંચીને ચોંકી ના જતાં કેમકે ગુરુ મદદ કરે – સાચો રસ્તો દેખાડવામાં – સાચો રસ્તો પસંદ કરવામાં – સાચું/ખોટું તારવવામાં – જુદી જુદી પરિસ્થિતિઓમાંથી પસાર કેમ થવું એ બાબતમાં.. પણ.. પણ.. પણ.. એ મદદનો યોગ્ય સમયે, યોગ્ય રીતે ઉપયોગ કે ઇમ્પલિમેન્ટ તો મારે ને તમારે જ કરવું પડે ને..??? ગુરુ કહે કે નદીમાં મગર હશે પછી નાહવું કે નહીં એ તમારે નક્કી કરવાનું છે. ગુરુ સમજણના સિધ્ધાંતો આપે.. પછી એ સમજણ, એ ઉપાયોનો યોગ્ય ઉપયોગ તો આપણે જ કરવાનો ને..!!! પહેલાના સમય કરતાં આજકાલના સમયમાં ગુરુ-શિષ્યનો સંબંધ જરા જુદો થઈ ગયો છે એમ છતાં પણ ગુરુની સલાહ મુજબ પોતાની સમજશક્તિથી ચાલનાર શિષ્ય જ ગુરુનું જ્ઞાન પામી શકે એ હકીકત છે.

અષાઢ સુદ પૂનમ એટલે મહાભારતના રચયિતા મહર્ષિ વેદ વ્યાસનો જન્મદિવસ. આ દિવસને આપણે 'ગુરુપૂર્ણિમા' કે 'વ્યાસ પૂર્ણિમા' તરીકે ઉજવીએ છીએ.ગુરુપૂર્ણિમા એટલે ગુરુજીનો મહિમા કરવાનો દિવસ અને ગુરુજીનો ઋણ સ્વીકાર કરવાનો દિવસ. ગુરુજીની ચરણવંદના કરવાનું પર્વ એટલે 'ગુરુપુર્ણિમા'. ' ' ગુરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ, ગુરૂ દેવો મહેશ્વરા, ગુરૂ સાક્ષાત પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરૂદેવ નમઃ". આપણો દેશ જ ગુરુ પરંપરાનો દેશ છે. પુરાણો અને શાસ્ત્રો ગુરુ-શિષ્યના અનેક રોચક અને જીવનલક્ષી પ્રસંગોથી ભરપૂર છે. ' ગુરુ ગોવિંદ દોનો ખડે, કિસકો લાગુ પાય ' જેવી દુવિધા થાય એવી આપણી ગુરુ પરંપરા છે. કોઇ વ્યકિત બીજી વ્યકિત પ્રત્યે પોતાનામાં શિષ્યભાવ રાખે તે વ્યકિત ગુરૂ બની શકે. ભલે આજે ગુરુ ને બીજા ઘણા અર્થમાં ઓળખાવાની પ્રથા હોય પણ હકીકત એ છે કે ગુરુ બનાવવા એ કોઈ નાનીસૂની વાત નથી. ગુરુની વાત પર શ્રધ્ધા રાખીને – વિશ્વાસ રાખીને વાત-સલાહ ને અપનાવવી એ એક શિષ્યની ગુરુ માટેની લાગણી હોવી ઘટે પણ આજના જમાનામાં એવા ડેડીકેટેડ ગુરુઓ પણ મળવા મુશ્કેલ તો નહીં પણ ઓછા છે અને સામે છેડે એવા શિષ્યોનો પણ વધતે ઓછે અંશે અભાવ પણ છે.

આમ તો માતા-પિતા પછીથી શિક્ષક જ આપણાં સાચા અને સૌપ્રથમ ગુરુ ગણી શકાય. પ્રાચીનથી લઈને આધુનીક શિક્ષણ પધ્ધતિઓમાં ગુરુની મતલબ કે શિક્ષકની વ્યાખ્યા બદલાતી ગઈ છે. આજે સાચું શિક્ષણ આપે એવા અને સારું શિક્ષણ આપે એવા ગુરુ આંગળીને ટેરવે ગણી શકાય એટલા હોય શકે છે અને એમાં શિક્ષકોનો ઓછો અને આપણી શિક્ષણપધ્ધતિનો વાંક વધુ છે એમ છતાં પણ શિક્ષકનું સ્થાન હજુ આજેપણ ગુરુ તરીકે યથાવત છે અને રહેવાનું છે. હા, એ અલગ વાત છે કે ગુરુના નામે અનેક પ્રકારના કૌભાંડો, વ્યભિચારો અને ફરજચોરી કરતાં શિક્ષકોને ગુરુ કેમ ગણવા એ પ્રશ્ન છે એમ છતાં પણ શિક્ષકનું સ્થાન એક ગુરુ તરીકે અને પ્રારંભિક જ્ઞાન આપનાર પ્રથમ ગુરુ તરીકેનું હમેશા રહેવાનું છે. આમ તો શું છે કે શિક્ષા આપનાર શિક્ષક એ ગુરુ છે એવી જ રીતે આધ્યાત્મિક જ્ઞાન આપનાર સંત કે પવિત્ર વ્યક્તિ એ પણ ગુરુ છે અને એવી જ રીતે સંસ્કાર આપનાર વ્યક્તિ કે જેમાં માતા-પિતા સહિતના લોકો સામેલ છે એ પણ ગુરુ જ છે અને જેનું આચરણ જોઈને આપણે પણ એવું જ આચરણ કરતાં થઈએ એવા લોકો પણ ગુરુ જ છે.

આ સિવાયપણ ગુરુઓ છે જ અને આ એવા ગુરુઓ છે કે જે ઉપરની વ્યાખ્યામાં ફિટ નથી બેસતા એમ છતાં પણ ' જે કઈક શીખવે કે જેના પાસેથી કઈક શીખવા મળે એ ગુરુ ' એવા સૂત્ર સાથે ગુરુ ગણી શકાય છે. જેમાંથી કઈક શીખી શકો એ ગુરુ એ ન્યાયે પ્રકૃતિ પણ ગુરુ છે કે જે આપણને ફ્લેક્સિબિલિટી, દરેક સ્થિતિ મુજબ ઢળી જવુંસૂત્ર સાથે ગુરુ ગણી શકાય છે. જેમાંથી કઈક શીખી શકો એ ગુરુ એ ન્યાયે પ્રકૃતિ પણ ગુરુ છે કે જે આપણને ફ્લેક્સિબિલિટી, દરેક સ્થિતિ મુજબ ઢળી જવું અને એકબીજાની ક્ષમતા સ્વીકારવાનું શીખવે છે તો આવો જ બીજો ગુરુ છે પુસ્તક. જી હા પુસ્તક આપણાં જ્ઞાનનો વિસ્તાર કરે છે એટલું જ નહીં પણ જુદી જુદીસ્થિતિના આકલનમાં આપણાં દ્રષ્ટિકોણમાં વધારો કરીને મદદ કરે છે. મુશ્કેલીઓ પણ આપણી ગુરુ જ છે. અસફળતાઓ અને પડકારોને દ્રઢતા અને સમાધાનથી કેમ પહોંચી વળવું એની શીખ મુશ્કેલીઓમાંથી જ તો મળે છે ને ? આવા જ બીજા ગુરુ છે સંબંધો. સંબંધોની આંટીઘુટી - એના ઉતાર ચડાવ અને એમાં આવતા ફેરફારો કે મજબૂતાઈથી હું ને તમે શીખીએ છીએ કે વ્યક્તિગત વિકાસ કેમ કરવો, સંબંધોના ચક્રાવામાં આત્મચિંતન કેમ કરવું અને નેગેટિવિટીથી દૂર કેમ રહી શકાય. યાત્રા કે પ્રવાસ પણ આપણને ઘણું શીખવી જાય છે કે જેને લીધે નવી પરંપરા, નવા સ્થળો, નવા લોકોની રહેણી-કરણી જોઈ જાણીને ઘણું શીખી શકાય છે. આવું જ કઈક કળા અને સાહિત્ય માટે પણ કહી શકાય કેમકે કળા અને સાહિત્યનો સંગાથ આપણને વૈચારિક અને કલાત્મક રીતે કે ભાવનાત્મક રીતે નવું શીખવા અને નવી ભાવનાઓને જગાવવામાં મદદ કરે છે. યાદ રાખો કે જ્યાંથી પણ કઈક શીખી શકો છો એ વ્યક્તિ, વિચાર, વાણી, વર્તન, સ્થાન એ ગુરુ છે. ગુરુની વ્યાખ્યા માત્ર શિક્ષણ પૂરતી કે શાસ્ત્રો પૂરતી સીમિત ન રહેતા સમગ્ર સૃષ્ટિમાં ફેલાયેલી છે. હા, શીખવાની ધગસ, શીખવાની તાલાવેલી અને શીખવાની ધીરજ કેળવી શકો તો જ સાચા શિષ્ય બની શકો અને તો જ કોઈને ગુરુપદે સ્થાપીને ગુરુજ્ઞાનથી જીવનના અંધકારને પ્રકાશમાં પરિવર્તિત કરી શકો.

(akurjt@gmail.com)

## પ્રેમનો ચતુષ્કોણ...



હમજ્યા મારા ભૈ !
ભાગ્યેશ જહા

અહીં સીસીડીમાં નટુ અને પલ્લવી મળી રહ્યાં હતાં તો ત્યાં સોસાયટીના લગ્નના ઘરમાં દુર્ગા થાકેલા નાથાલાલ માટે ચા બનાવી રહી હતી.

પહેલી વાર નટુને એમ લાગ્યું કે 'સા'લું ! પરણવું એ સાવ ખોટનો ધંધો નથી !!' એને હવે પલ્લવી ગમવા લાગી હતી, આમેય જેમ જેમ લગ્નનો દિવસ નજીક આવતો જાય તેમ લગ્નોત્સુક કન્યા લગ્નાતુર યુવાનને વધું રુપાળી લાગે જ. ઓટલા ઉપર બેઠેલી ડોસીઓ લગ્નને લાકડાના લાડું કહેતી હતી તે ક્યા કારણસર કહેતી હશે એ સમજાતું નથી. 'ખાય તે પણ પસ્તાય અને ના ખાય એ પણ પસ્તાય !' મુળ વાત તો લાકડાનો લાડું છે એ ખબર પડ્યા પછી ખાય જ શું કામ અને જો લાકડાના છે એ ખબર ના પડે તો એણે પોતાના મગજનું ચેક-અપ કરાવી લેવું જોઈએ. ડોશીઓ ખોટી રીતે લાકડાને વચ્ચે લાવે છે, કદાચ એમને ઉંમરને કારણે સારા અને સાચા લાડું લાકડાના દેખાતા હશે.. આમ લાડું અને લાકડા વચ્ચે વિચાર કરતો હતો ત્યારે પલ્લવી આવી. પલ્લવી આજે જેને ક્લાસ-વન ઑફિસરનો એપોઈન્ટમેન્ટ ઓર્ડર મળ્યો હોય એવી યુવતીના ચહેરા પર જે ભાવ હોય એવા ખુશીના અને ગંભીરતાના મિશ્રભાવ સાથે આવી. નટુના 'લાકડાના લાડું' ઉદી ગયા..'શું વાત છે, મેડમ !" નટુ રોમેન્ટિક અવાજમાં બોલ્યો, પહેલીવાર એ નાથાલાલનો છોકરો ના હોય એવું લાગ્યું. સોસાયટી અને નાથાલાલના સંકજામાં ના હોય ત્યારે નટુ આવો લાગી શકે એ અનુભવી પલ્લવી રાજી થતી હોય એવું જણાતું હતું. પલ્લવીએ ચોમાસાનું પલળેલું સ્માઈલ આપ્યું, નટુએ લપસી ના પડાય એ રીતે એક સાવધાનીભર્યું સ્માઈલ પાછું વાળ્યું. પલ્લવીને ખબર હતી કે ઑસ્કાર્ડનો એવૉર્ડ મેળવનાર ગીત 'નાચું, નાચું..' નો ઉચ્ચાર નાટુ નાટુ જેવો થતો હતો. નટુના મનમાં ઉચાટ ઉચાટ વધું હતો, એણે પલ્લવી તરફ સહકારની અપેક્ષાભરી નજર નાંખી. સાવ નવી ગાડી બંધ પડી હોય અને કોઈ અઠંગ ડ્રાઈવર ચાવી માંગે અને કહે કે 'લાવ ચાલું કરી આપું !!' એ ડ્રાઈવર જેવી કૉન્ફીડેન્ટ નજરથી પલ્લવી બોલી' કેમ પાર્ટનર આજે ઢીલો લાગે છે ! વરઘોડા માટેના ઘોડાવાળાએ ના પાડી છે.. !' નટુને સરસ લાગ મળી ગયો છે એમ માનીને બેડમિંગ્ટના ખેલાડીની જેમ બોલ્યો, 'ઘોડાવાળાએ તો હા પાડી છે, પણ વરને ઈચ્છા નથી, વરઘોડામાં મુર્ખાની જેમ ફરવાની !!" પલ્લવીને નટુની સ્ટાઈલ ગમી ગઈ, 'ક્યા બાત હૈં ?, ગુડ, લેટ અસ કેન્સલ સ્ટુપિડ વરઘોડા !!' પલ્લવી અંગ્રેજી માધ્યમમાં ભણેલી હોવા છતાં એક આખું વાક્ય સાચું બોલી, એટલે નટુમાં હિમ્મત વધી. ખુલ્લી બારીમાંથી રસોડાની પાળી ઉપર દુધની ખુલ્લી તપેલી જોઈને રાજી થઈને જેમ બિલાડી કુદકો મારે એમ નટુ બોલ્યો, 'માય ફાધર ઈઝ અ પ્રોબ્લેમ.. એ ગમે ત્યારે ગમે તેને માટે પ્રોબ્લેમ ઉભા કરી શકે એવી અપાર શક્તિ ઈશ્વરે એમને આપી છે. એટલે એમણે મારી પાસે પૈસાની માંગણી કરી છે.. આઈ થોટ બેટર નોટ ટુ મેરી..'

પલ્લવી પોતાનો ઉત્સાહ મ્યાનમાં મૂકવાનો વિચાર કરતી હતી, એના મોં ઉપર તડકામાં વરસાદ પડતો હોય ત્યારે શાકની લારીવાળી બાઈના મનમાં ઉભા થાય એવા મુંઝવણભર્યા સુખના ભાવ ઉપસ્યા. ત્યાં અચાનક પહેલી જ વાર ભારે ઉત્સાહથી નટુએ પલ્લવીનો હાથ પકડ્યો, પલ્લવીના આખા શરીરમાં એક લખલખું પસાર થઈ રહ્યું હોય એવું લાગ્યું જાણે લોટરીની ટિકિટ ના લીધી હોય તેમ છતાં લોટરી લાગી છે એ મતલબનો લોટરીની હેડ-ઓફિસમાંથી બેંકની વિગતો મોકલવાનો ફોન આવ્યો હોય. જેમ નટુ એના બાપાની બીકે એમ પલ્લવી એની માની બીકે પરણી જવા માગતી હતી. એની મા જો અહીં નટુને હા ના પાડે તો એના પિયરના એક થર્ડ ક્લાસ છોકરા સાથે. પરણાવી દેવા માંગતી હતી. એણે નટુને ઉત્સાહ આપતાં કહ્યું,

'યુવાન હૈયાં ભાગીને લગ્ન કરે એવું સિનેમામાં બહુ જોયું છે તો ચાલને આપણે સિનેમા જેવું કરીએ.' નટુને

સરકસમાં નોંકરી મળી હોય એવું લાગવા માંડ્યું. એના પગમાં વિચિત્ર ધ્રુજારી થવા લાગી. જે ધ્રુજારીમાં કુદવાનો ઉત્સાહ અને ભય એકસાથે હતા. એણે પુછ્યું,

'ક્યાં જઈશું'.. પલ્લવીએ કહ્યું,' મારી એક બહેનપણીનો ફ્લેટ ખાલી છે, એ બહુ પૈસાદાર છોકરાને પરણી છે, અને છોકરો ધાર્યા કરતાં પૈસા હોવા છતાં સારો નીકળ્યોપ

આ બાજુ દુર્ગા સવારથી જ ઉદાસ નાથાલાલ પ્રત્યે સહાનુભૂતિ અનુભવી રહી હતી. નાથાલાલ....ને ૪૫° ગરમી પછી ભૂલથી ખુલ્લી રહેલી બારીમાંથી વાછટ આવે અને સારું લાગે એવું લાગતું હતું. દુર્ગા નાથાલાલ માટે ચા બનાવીને લાવી ત્યારે લાગ્યું કે આ સાળી નથી માળી છે અને પોતે રોજ મુરઝાતો એક એવો છોડ છે જેને ફૂલ આવે જાણે યુગ વીતી ગયો. અચાનક જ જાણે શું થયું કે નાથાલાલ દુર્ગાને ભેટી પડ્યા. દુર્ગાને એટલું બધું સારું લાગ્યું કે એ ધોધમાર રડવા લાગી. નાથાલાલને કેટલાયે સમય પહેલાં ચોરાઈ ગયેલા નળમાંથી

પાણીનો ફુવારો વછૂટ્યો હોય એવી લાગણીઓ ઉભરાવા લાગી. ' મારો છોકરો નકામો પાક્યો છે,ચાલ આપણે ભાગી જઈએપ' દુર્ગાએ માંડ માંડ આલિંગન છોડાવ્યું. અવાવરું ઘરમાં કાટ ખાધેલો દરવાજો ખૂલ્યો હોય એવું અજવાળું કડકડકડ અવાજ સાથે ખૂલ્યું હોય એમ કપરકાબીના અવાજ જાગ્યા, ફેલાણા....

જબરો જામ્યો હતો, પ્રેમનો ચતુષ્કોણ...

## આર્ટિફિશ્યલ ઈન્ટેલિઝન્સ : ચેટ જીપીટી : આવનારી પેઢીનું ભાવિ ભયમાં



મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

આ પૃથ્વી ઉપર એક એવી નવી ક્રાંતિ આવી ગઈ છે કે જો એની ઉપર બાન નહીં મૂકાય કે એને કન્ટ્રોલમાં નહીં કરાય તો આવનારા થોડા જ વર્ષોમાં આખી દુનિયાના લોકો માનસિક રીતે પાંગળા અને પાગલ થઈ જવાના. એક એવી શોધ થઈ ચૂકી છે. અને જગતભરના વૈજ્ઞાનિકો – બૌધિકો, રાજનીતિજ્ઞો ચિંતામાં મૂકાઈ ગયા છે કે હવે શું થશે ? આ શોધ છે આર્ટિફિશ્યલ ઈન્ટેલિઝન્સ : ચેટ જીપીટી.ની છે. જે આવનારી પેઢીનું ભાવિ ભયમાં મૂકી રહ્યું છે. સમગ્ર માનવ અસ્તિત્વ સામે ખતરા સમાન આ આર્ટિફિશ્યલ ઈન્ટેલિઝન્સ ભારતમાં શરું થયાને હજી બે ત્રણ જ મહિના થયા છે. પણ આટલા સમયમાં તો એણે સમગ્ર વિશ્વમાં ધૂમ મચાવી દીધી છે.

જીપીટી એટલે જનરેટિવ પ્રી-ટ્રેન્ડ ટ્રાન્સફોર્મર, આર્કિટેક્ચર પર આધારિત ઓપન એ.આઈ. દ્વારા વિકસિત વાતચીતાત્મક કૃત્રિમ બુદ્ધિ (એ.આઈ) મોડેલનો સંદર્ભ આપે છે. ૄ નું સર્જન ઈનપુટ પ્રોમ્પ્ટ અથવા સંદેશ આપવામાં આવતા માનવ-જેવા ટેક્સ્ટ પ્રતિભાવો જનરેટ કરવા માટે થયેલ છે. તેને દુનિયાભરની ભાષાઓના અક્ષરોની સઘન તાલીમ આપવામાં આવી છે. જેથી કોઈપણ વ્યક્તિ એને કાંઈપણ પોતાની માતૃભાષામાં પૂછે તો તેને સુસંગત અને સંદર્ભિત રીતે યોગ્ય જવાબ આપીને સંબંધિત પ્રતિભાવોને સમજવા અને જનરેટ કરવાની મંજૂરી આપે છે. ચેટ ૄ ખાસ કરીને ચેટ-આધારિત ક્રિયાપ્રતિક્રિયાઓ માટે પ્રશિક્ષિત છે, જે તેને વપરાશકર્તાઓ સાથે કુદરતી ભાષાની વાતચીતમાં જોડાવવા માટે સક્ષમ બનાવે છે. આ આર્ટિફિશ્યલ ઈન્ટેલિઝન્સ દરેક પ્રશ્નોને સમજી શકે છે, માહિતી આપી શકે છે, સૂચનો આપી શકે છે અને આગળ-પાછળ ચર્ચામાં જોડાઈ શકે છે. મૉડલ ડીપ લર્નિંગ ટેકનિકનો લાભ લે છે, ખાસ કરીને ટ્રાન્સફોર્મર આર્કિટેક્ચરનો ઉપયોગ કરીને, ટેક્સ્ટને પ્રોસેસ કરવા અને જનરેટ કરવા માટે ખુબ જ ઉપયોગી નીવડે છે.

ચેટ **GPT** ને દુનિયાના તમામ વિષયોની સખત તાલીમ આપવામાં આવી છે, પરંતુ એ બાબત પણ ધ્યાનમાં રાખવી જોઈએ કે તે તાલીમ ડેટામાંથી શીખેલ પેટર્નના આધારે કાર્ય કરે છે અને તેની પાસે વાસ્તવિક સમયનું જ્ઞાન અથવા ઈન્ટરનેટ ઍક્સેસ કરવાની ક્ષમતા નથી. ચેટ ૄ દ્વારા જનરેટ કરવામાં આવેલ પ્રતિસાદો આંકડાકીય પેટર્ન પર આધારિત છે અને તે હંમેશા સંપૂર્ણ સચોટ અથવા અદ્યતન ન પણ હોઈ શકે. પ્રતિભાવની ગુણવત્તા તાલીમના ડેટા પર આધાર રાખે છે, તેથી ખોટા અથવા અર્થહીન જવાબો જનરેટ થવાની સંભાવના પણ રહેલી છે. ઓપન એ.આઈ.ના જીપીટી મોડલ્સ, જેમાં ચેટ જીપીટીનો સમાવેશ થાય છે, વિવિધ એપ્લિકેશનો માટે વ્યાપકપણે ઉપયોગમાં લેવાય છે, જેમ કે ગ્રાહક સપોર્ટ, સામગ્રી જનરેશન, ભાષા અનુવાદ અને સામાન્ય હેતુના વાતચીત એજન્ટો. જો કે, એ ધ્યાનમાં રાખવું અગત્યનું છે કે **GPT** મોડલ ઉપયોગી માહિતી અને સૂચનો પ્રદાન કરી શકે છે,

ચેટ **GPT** ની કામગીરી વધુ સક્ષમ બનાવવા માટે, **GPT-3.5** જેવા મૉડલ્સને વિવિધ સ્ત્રોતો પર તાલીમ આપવામાં આવી રહી છે અને માનવ પ્રતિસાદમાંથી મજબૂતીકરણના શિક્ષણ સાથે ફાઈન-ટ્યુન કરવામાં આવ્યું છે, જે તેમને વધુ સુસંગત અને સંદર્ભમાં સંબંધિત પ્રતિભાવો જનરેટ કરવામાં સક્ષમ બનાવે છે.

તે પણ ઉલ્લેખનીય છે કે ઑપન એ.આઈ. સતત તેમના મોડલ્સને અપડેટ અને રિફાઈન કરે છે અને નવા વર્ઝનમાં ક્ષમતાઓ અને પ્રદર્શનમાં સુધારો પણ કરતા રહે છે.

ઈતિહાસ, વિજ્ઞાન, ભૂગોળ, સાહિત્ય તથા ટેક્નોલોજી-સંબંધિત ખ્યાલો, કોમ્પ્યુટર પ્રોગ્રામિંગ, સોફ્ટવેર, હાર્ડવેર અને અન્ય સંબંધિત વિષયો વિશે મૂળભૂત માહિતી અને સમજૂતી પ્રદાન કરી શકે છે. મનોરંજનઃ ચેટ ૄ મૂવીઝ, ટીવી શો, સંગીત, પુસ્તકોની ચર્ચા કરી શકે છે અને આપણી પસંદગી જાણીને તેને આધારે આપણને જોઈતી માહિતી આપે છે. તે સેલિબ્રિટી, ઈવેન્ટ્સ અને લોકપ્રિય સંસ્કૃતિ વિશે પણ માહિતી આપી શકે છે.

હાલ ચેટ **GPT**નો તાલીમ ડેટા સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી ઉપલબ્ધ માહિતી પર આધારિત છે, તેથી એ.આઈ. સમયમર્યાદા સુધીની સામાન્ય વર્તમાન ઘટનાઓ અને વિષયો વિશે ચર્ચા કરી શકે છે અને માહિતી આપી શકે છે. ચેટ **GPT**ના પ્રતિભાવો તેને મળેલ પ્રશિક્ષણ ડેટા પર આધારિત છે, તેથી તે સચોટ અને મદદરૂપ માહિતી પ્રદાન કરવાનો પ્રયત્ન કરે છે, વળી તે વાસ્તવિક સમયનું જ્ઞાન અથવા ઈન્ટરનેટ ઍક્સેસ કરવાની ક્ષમતા ધરાવતું નથી. તેથી ક્યારેક ખોટા કે જુના જવાબો મળવાની સંભાવના છે. માટે, ભરોસાપાત્ર સ્ત્રોતોમાંથી માહિતી ચકાસવી અને જટિલ અથવા વિશિષ્ટ વિષયો માટે વિષય નિષ્ણાતોની સલાહ લેવી જરૂરી છે.

આર્ટિફિશ્યલ ઈન્ટેલિઝન્સ (એ.આઈ.) આવનારી પેઢી માટે જોખમી એ માટે છે કે તે બધા જ વિષયોના, પ્રશ્નોના જવાબ આપી દે છે. તેથી ધીમે ધીમે માણસ વિચારવાનું બંધ કરી દેશે. માણસની બુદ્ધિની જગ્યાએ એ.આઈ.ની બુદ્ધિ ઉપર લોકો વધુ ભરોસો કરશે. આની અસર શિક્ષણ ઉપર ખુબ જ વિપરિત પડશે. શિક્ષકો કરતા વધુ સારા અને સચોટ જવાબ એ.આઈ. આપશે. કમ્પ્યુટર, સાયન્સ, મેડિકલ કે સ્પેસ જેવા વિષયોના જવાબો મળી જતા આવનારા સમયમાં શિક્ષકો કે સ્કૂલો કે કૉલેજોની જરૂર જ નહીં રહે,

એ.આઈ.એ આવતાની સાથે જ દુનિયાભરમાં તહેલકો મચાવી દીધો છે. આજતક ન્યૂઝ ચેનલમાં દરરોજ રાત્રે નવ વાગ્યે સુધીર ચૌધરી દ્વારા પ્રસ્તુત થતો સમાચાર કાર્યક્રમ "બ્લેક એન્ડ વ્હાઈટ"માં આરંભે "સના" નામની એક એ.આઈ. એંકર સમાચાર વાંચે છે. એ ખરેખર કોઈ સાચી છોકરી નથી પણ આર્ટિફિશ્યલ ઈન્ટેલિઝન્સ (એ.આઈ.) એક રૉબોર્ટ છે. માણસ કરે તે બધુ જ કામ કરી શકે છે માત્ર તેનામાં જીવ નથી. ચીન દ્વારા પણ એક આર્ટિફિશ્યલ ઈન્ટેલિઝન્સ (એ.આઈ.) છોકરી બનાવવામાં આવે છે જે ઘર, ઑફિસનું બધુ જ કામ સતત ૭૨ કલાક સુધી કરી શકે છે. ઘર ઑફિસ આવનાર મહેમાન સાથે વાતચીત કરી શકે છે. કોઈપણ વિષય ઉપર ચર્ચા કરી શકે છે. આવનારા સમયમાં દરેક ક્ષેત્રમાં આવા એ.આઈ. આવી રહ્યા છે. પણ હાલ ચેટ જીપીટી.થી દુનિયામાં હડકંપ મચી ગયો છે. કેમ કે આ મનુષ્યની આંતરિક વિચારવાની શક્તિને ધીમી કરીને સાવ ખતમ કરી નાખે છે. તે આપણી કલ્પનાશક્તિ છીનવી લે છે. હવે તો ગુગલ પણ આ દિશામાં કાર્યરત થઈ ગયું છે. બીજી બાજુ એમેઝોન પણ પોતાનું નવું પણ આર્ટિફિશ્યલ ઈન્ટેલિઝન્સ (એ.આઈ.) લાવી રહ્યું છે.

એક તો ફેસબૂક, ટ્વીટર, ઈન્સ્ટાગ્રામ કે વૉટ્સપ જેવા સોશિયલ મીડિયાના માધ્યમોએ આપણા દેશની સંસ્કૃતિને ખતમ કરવી શરું કરી દીધી છે ત્યાં જો આ ચેટ જીપીટીનો વપરાશ સર્વસામાન્ય નૉર્મલ થઈ ગયો તો ભારતને તો બરબાદ થતા કોઈ નહીં રોકી શકે કેમ કે અહીંની પ્રજા કોઈનું માને એવી નથી. એ પોતાના મનોરંજન કે સ્વાર્થ માટે સમાજ કે રાષ્ટ્રનું પણ બલિદાન આપી દેતા અચકાતી નથી. કામ કર્યા વિના મફત મળતું હોય તો પ્રજા કશું ય વિચારવા પણ તૈયાર નથી. જો કે એટલું આશ્વાસન ચોક્કસ લઈ શકાય કે ભારત સરકાર પણ આ આર્ટિફિશ્યલ ઈન્ટેલિઝન્સ (એ.આઈ.) પર કામ કરી રહી છે. કદાચ આવનારા સમયમાં ભારતનું સ્વદેશી "ગુગલ કે ચેટ.જીપીટી " હોઈ શકે છે. અને એ પણ મર્યાદિત માત્રામાં.

હવે સોશિયલ મીડીયાનો, ઈન્ટરનેટનો, આર્ટિફિશ્યલ ઈન્ટેલિઝન્સ (એ.આઈ.)નો ઉપયોગ કંઈ રીતે કરવો એની સ્કૂલ કે ટ્રેનિંગની જરૂર છે. કેમ કે અત્યારની અને આવનારી પેઢીનું સમગ્ર જીવન આ ત્રણ માધ્યમોને આધારિત જ થઈ ગયું છે. જો આ ત્રણ ક્રાંતિકારી માધ્યમોનો ઉપયોગ યોગ્ય માત્રામાં નથી થયો તો આવનારા નજીકના સમયમાં માનવીની ઉપર રૉબોટ, મશીનોનો કંટ્રોલ હશે. અને ધીમે ધીમે માનવજાત ખતમ થઈ જશે આખી પૃથ્વી ઉપર માત્ર મશીનો – યંત્રો, પણ આર્ટિફિશ્યલ ઈન્ટેલિઝન્સ (એ.આઈ.) હશે અને દુનિયાને તેઓ ચલાવતા હશે. અને વધુ સમય જતા તેઓ કૃતિમ "જીવ" પણ બનાવીને પોતાની અંદર આરોપિત કરીને માનવી બની જશે. આવનારા નજીકના સમયમાં આ માનવી અને યંત્રોનું યુદ્ધ જોવા મળશે. જેની શરુઆત તો થઈ જ ગઈ છે. આ યુદ્ધમાં માનવીઓએ બનાવેલા યન્ત્રોની જીત થશે અને માનવીઓની હાર. આ યંત્રો આપણને સીધેસીધા નહીં મારે, ધીમે ધીમે આપણી અંદરની દૈવી, દિવ્યશક્તિઓનો નાશ કરીને, આપણી વૈચારિક, બૌદ્ધિક, કાલ્પનિક શક્તિઓનો નાશ કરીને આપણને સાવ શક્તિહીન, નિર્માલ્ય બનાવી દેશે. વિચાર વિનાનો માનવી અમસ્તોય જીવતીલાશ સમાન છે. આવનારા વર્ષોમાં પૃથ્વી ઉપર આપણી સ્થિતિ જેલમાં પુરાયેલા એક કેદી જેવી હશે. વિચારહીન મનુષ્યો તરીકે આપણે યંત્રો પાસે મૃત્યુની ભીખ માંગતા હોઈશું અને એ યંત્રયુગમાં આપણે પીડિત મનુષ્યની જિંદગી જીવતા હોઈશું.

- 9426060601.india@gmail.com